# સીનિયર ડ્રાઇવરો માટે લાયસન્સ તાજુ કરાવવાના કાર્યક્રમમાં ફેરફારો

ઓન્ટેરિયોના સીનિયર ડ્રાઇવર પ્રોગ્રામ્સનો હેતુ વૃદ્ધો પોતાની જાતે વાહન સુરક્ષિત રીતે ચલાવી શકે ત્યાં સુધી તેઓને વાહન ચલાવતા રહેવા દેવાનો છે.

ડ્રાઇવરોની ઉંમર 80 વર્ષની થાય એટલે દર બે વર્ષે તેઓએ અચૂકપણેઃ

1. પોતાની દૃષ્ટિની તપાસ કરાવવી
2. પોતાના ડ્રાઇવર રૅકોર્ડની સમીક્ષા કરાવવી
3. સામુહિક શિક્ષણ સત્રમાં હાજર રહેવું
4. પોતાના જ્ઞાનની કસોટી કરાવવી
5. જો જરૂરી લાગે, તો રોડ ટેસ્ટ કરાવવો.

આ પ્રક્રિયામાં આશરે સાડા ત્રણ કલાકનો સમય લાગે છે. સીનિયર ડ્રાઇવરો માટે પોતાનું લાયસન્સ તાજુ કરાવવાનો ખર્ચ પાંચ વર્ષ માટે લાયસન્સ તાજુ કરાવવાના ટૂ-ફિફ્થ ખર્ચ (ડબલના પાંચમાં ભાગના પ્રમાણ) જેટલો થાય છે અને ઉપર જણાવેલી પ્રક્રિયા માટે વધારાનો કોઈ ખર્ચ થતો નથી.

પરિવહન મંત્રાલય (MTO – ટ્રાન્સપોર્ટેશન મિનિસ્ટ્રી) રસ્તા પર સુરક્ષા પગલાઓને પ્રોત્સાહન આપવા ઉપલબ્ધ સૌથી અદ્યતન સાધનોનો ઉપયોગ કરી રહ્યું હોવાની ખાતરી કરવા અને રસ્તા પર સુરક્ષિત રીતે વાહન ચલાવવામાં હવે પછી બિલકુલ સક્ષમ ન હોય તેવા વૃદ્ધ ડ્રાઇવરોને અસરકારક રીતે ઓળખી કાઢવા આ કાર્યક્રમની સમીક્ષા કરી રહ્યું છે.

અમારી સમીક્ષાએ બતાવ્યું છે કે આ નિર્ધારણ કરવા વધારે સારી, ઓછી તણાવમય રીત ઉપલબ્ધ છે. તા. 21 એપ્રિલ 2014થી શરૂ કરીને, પોતાના લાયસન્સો તાજા કરાવવા ઇચ્છતા સીનિયર ડ્રાઇવરોઃ

1. પોતાની દૃષ્ટિની તપાસ કરાવશે
2. પોતાના ડ્રાઇવર રૅકોર્ડની સમીક્ષા કરાવશે
3. ટૂંકા શિક્ષણ સત્રમાં હાજર રહેશે
4. બે, ટૂંકા, કોમ્પ્યુટરીકૃત ન હોય તેવા સ્ક્રીનિંગ એસાઇન્મેન્ટો વર્ગમાં પૂરા કરશે
5. જો જરૂરી લાગે, તો રોડ ટેસ્ટ કરાવશે.

આ પ્રક્રિયામાં આશરે 90 મિનિટનો સમય લાગશે. સીનિયરોએ હવે પછી જ્ઞાન કસોટીનો અભ્યાસ કરવાની જરૂર પડશે નહીં.

કૃપા કરી નોંધી લો કે આ નવી પ્રક્રિયા લાયસન્સ તાજુ કરાવવાના કાર્યક્રમ જેવી હશે. પહેલેથી કઢાવેલા અને માન્ય લાયસન્સો પાછા ખેંચવામાં આવશે નહીં પણ તમારું લાયસન્સ તાજુ કરતા પહેલાં બધી જરૂરિયાતો સંતોષાય તે જરૂરી છે.

નવા કાર્યક્રમ વિશે જો તમને કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરી વેબસાઇટ Ontario.ca/seniordriver જુઓ અથવા 1-800-396-4233 નંબર પર અથવા GTA ને 416-235-3579 નંબર પર ફોન કરો.

જાન્યુઆરી 2014